**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૫/૯/૨૦૧૫ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૯૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી અને ૧૩ વ્યક્તિઓને ઝડપી ૫૨ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી ૫૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૫૧,૯૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૬/૧૫**

**દરીયાપુર :** શીફાબહેન એઝીઝહુસેન શેખ (ઉ.વ.૧૭) (રહે.ગેબનશહીદની પોળ, પોપટીયાવાડ, દરીયાપુર) ને તા.૩/૯/૧૫ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી આરોપી તુફેલ ઇલીયાસભાઇ શેખ (રહે.સુપર ફ્લેટ, ડબગરવાડ, દરીયાપુર) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ શીફાબહેનની માતા શહેનાઝબાનુ શેખે દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.પંચાલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૭૯૭/૧૫**

**કાલુપુર :** સનોજીત લક્ષ્મણ પ્રમાનિક (રહે.ભાગવતગ્રીન સોસાયટી, આકૃતિ ટાઉનશીપ પાસે, નારોલ) એ તા.૪/૯/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૪/૧૫ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે પોતાની જ્વેલર્સની દુકાનમાં મેનેજર તરીકે કામ કરતો આરોપી સુબ્રત દુલાલ કરણ (રહે.ગામ: માંગુરીયા, તા.ઘાટલ, જી.પશ્ચીમ મેદનાપુર, બંગાળ) દુકાનની તીજોરીમાંથી સોનુ કિંમત રૂપિયા ૧૫,૩૦,૯૧૦/- મતાની ચોરી કરી લઈ જતાં, સનોજીત દ્વારા સોનાની ઉઘરાણી કરતાં, સુબ્રતે સોનુ પરત નહીં કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ઝીલેરીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)